# આણંદ કૃષિ યુનિવર્સિટી

## આણંદ

*દિવાળીની રજાઓ જાહેર કરવા બાબત....*

## પરિપત્ર

આથી તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાશ્રીઓને જણાવવામાં આવે છે કે, તારીખઃ ૧૧/૧૨ અને ૧૩/૧૧/૨૦૧૫ ના રોજ દિવાળીની રજાઓ જાહેર કરેલ છે. જેના અનુસંધાને યુનિવર્સિટીના કર્મચારી/અધિકારીશ્રીઓ દિવાળીના તહેવારો આનંદ-ઉલ્લાસથી ઉજવે અને વતનમાં જઇ શકે તેવા શુભ આશયથી માન.કુલપતિશ્રી દ્વારા જાહેર રજા ભરવાની શરતે નીચેની વિગતે બે રજા જાહેર કરવામાં આવે છે. કૃષિ યુનિવર્સિટીઓમાં તેની કોલેજો, સંશોધન તથા વિસ્તરણ કેન્દ્રો તેમજ જુદા-જુદા વિભાગોના અધિકારી/કર્મચારીઓ માટે વેકેશનની જોગવાઇ ન હોય, દિવાળીના તહેવારો દરમ્યાન નીચે મુજબની રજાઓ જાહેર કરવામાં આવે છે.

| જાહેર કરેલ રજા | | | રીમાકર્સ - અવેજીમાં કામકાજની તારીખો |
|---|---|---|---|
| તા.૯/૧૧/૧૫ | સોમવાર | ધનતેરશ | તા.૨૮/૧૧/૨૦૧૫ના ચોથો શનિવાર અને તા.૧૨/૧૨/૨૦૧૫ ના બીજા શનિવારની જાહેર રજાઓ ભરવાની શરતે રજા જાહેર કરવામાં આવે છે. |
| તા.૧૦/૧૧/૧૫ | મંગળવાર | કાળી ચૌદશ | |

દિવાળીની રજાઓના અનુસંધાને જો રાજય સરકાર દ્વારા ઉપરોકત દિવસો માટે રજા જાહેર કરવામાં આવે તે મુજબ તેનો અમલ કરવાનો રહેશે.

ઉપરોકત રજાઓ દરમ્યાન યુનિવર્સિટીની આવશ્યક સેવાઓ તેમજ ફાર્મને લગતી કામગીરીને કોઇ અસર ન થાય, તે અંગેની વ્યવસ્થા જે તે કચેરી/ફાર્મના વડાશ્રીએ કરવાની રહેશે. જયારે યુનિવર્સિટીના સમગ્ર સુપરવિઝનની વ્યવસ્થા સંશોધન નિયામક અને અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષશ્રી, આ.કૃ.યુ., આણંદએ કરવાની રહેશે.

પ્રસ્તુત પરિપત્ર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવી જારી કરવામાં આવે છે.

કુલસચિવ

નં.આકૃયુ/રજિ/સંકલન/ ૬૨૪૬૪ /૨૦૧૫
તા.૨૬/૧૦/૨૦૧૫

<u>નકલ સવિનય રવાનાઃ</u>

૧. નાયબ સચિવશ્રી(કૃષિ યુનિ.), કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, કૃષિ યુનિ., આણંદ/નવસારી/જુનાગઢ/સ.કૃ.નગર તરફ જાણ સારૂ.
૩. સહ પ્રાધ્યાપકશ્રી, રાજય કૃષિ યુનિવર્સિટી કાઉન્સીલ, સેકટર-૧૦-એ,પોડીયમ લેવલ, ગાંધીનગર.
૪. તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ.
૫. બ્રાન્ચ મેનેજરશ્રી, સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયા/ પોસ્ટ માસ્તરશ્રી,ઇન્સ્ટીટયુટ ઓફ એગ્રી. ખેતીવાડી, આણંદ

<u>નકલ રવાના જાણ તથા ઘટતુ થવા સારૂ.</u>

૧. સીકયુરીટી ઓફીસરશ્રી, આ.કૃ.યુ.,આણંદ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂ.
૨. નિયામકશ્રી, આઇ.ટી.,આ.કૃ.યુ.,આણંદ તરફ જાણ તથા સદર પરિપત્ર વેબસાઇટ ઉપર મુકવા સારૂ.